## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




અંકલ, એવુ કોઇ ડ્રાયફ્રુટ છે કે આ વ્રતમાં ખાય...હુ વધારે જીવુ અને આનુ વજન પણ ન વધે...!!!

# સાદરા સંકુલમાં વિશ્વ વસતિ સપ્તાહ ઉજવણી હાથ ધરાઈ



ગાંધીનગર, તા. ૧૧

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના એકમ આયોજિત ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના બી.એ. એમ.એ. વિભાગમાં સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલની અધ્યક્ષતામાં અને મુખ્ય વક્તા તરીકે આજના યુવાન યુવક-યુવતીઓને વાર્તાલાપ સ્લાઈડ પ્રેઝન્ટેશન દ્વારા કરતાં જણાવ્યું કે વિશ્વ વસતિ સ્વરૂપ, માનવજાત માટે તેની અસરો, વસતિ વધારો અટકાવવાના ઉપાયો અને લોક જાગૃતિ કાર્યક્રમો વિશે સુંદર વાર્તાલાપ આપ્યો. સપ્તાહ દરમ્યાન વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ, સૂત્રરચના અને પોષ્ટર મેકિંગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું, જે અંગેની રૂપરેખા પ્રા. ડૉ. રાજેન્દ્રભાઈ જોષીએ આપી. આભાર દર્શન ડૉ. મોતીભાઈ દેવુંએ કર્યું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યું.

# લવારપુર એક્ષચેન્જમાંથી રૂ.૧૭ હજારની બેટરીઓ ચોરાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના લવારપુર ટેલીફોન એક્ષચેન્જના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી સિસ્ટમમાં લગાડેલી એચ.બી.એલ કંપનીની વરલા પાવર સિસ્ટમ લિમીટેડની ૨૦૦ એમપીએલની કુલ નંગ-૨૪ બેટરીઓની કુલ કિં.૧૬,૮૦૦ ની ચોરી થઈ છે. બનવા અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના બીએસએનએલ ખાતે નોકરી કરતા અને સેકટર-૨૪ કોલોનીમાં રહેતા રેવાભાઈ શંકરભાઈ પરમાર એટીટી તરીકે ફરજ બજાવે છે. ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૯ ટેલીફોન એક્ષચેન્જ આવેલા છે. તે પૈકી એક લવારપુર ટેલીફોન એક્ષચેન્જ આર.આર.તિવારીના કાર્યક્ષેત્રમાં આવે છે. લવારપુર ટેલીફોન એક્ષચેન્જ બંધ છે. પરંતુ મોબાઈલ ટાવરનો પ્લાન્ટ કાર્યરત છે.તેમજ ફાયરબર કેબલનો સપ્લાય હાલ એક્ષચેન્જમાં ચાલુ છે. ગત તા.૧૦ જુલાઈને રવિવારના રજાના દિવસે રેવાભાઈ ઘરે હાજર હતા. ત્યારે સાંજના સમયે તેમના ઘરે ડીવીઝનલ એન્જીનિયરનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે લવારપુર એક્ષચેન્જમાં ચોરી થયાના સમાચાર મળ્યા છે. તો તેમ સેકટર-૧૧ ઓફીસ ખાતે જઈ સરકારી ગાડીમાં લવારપુર એક્ષચેન્જ જઈ તપાસ કરી આવો . જેથી ફરીયાદી લવારપુર એક્ષચેન્જ ગયા હતા.ત્યાં જઈને જોયુ તો મુખ્ય લોખંડના દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. જયારે અંદરનો મેઈન દરવાજો ઈન્ટરલોક હોય તે પણ તુટેલી હાલતમાં હતો. જેથી સ્વિચ રૂમની અંદર પાવર સપ્લાય માટેલોખંડની ફ્રેમમાં સિસ્ટમમાં લગાવેલી એચબીએલ કંપનીની વરલા પાવર સિસ્ટમ લિમીટેડની ૨૦૦ એમપીએલની કુલ ૨૪ બેટરી ચોરી થઈ હતી. જેથી ચોર શખ્સો રૂ.૧૬,૮૦૦ ની કુલ નંગ-૨૪ બેટરીઓ ચોરી પલાયન થઈ ગયા હતા.જયારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વોલીબોલ એકેડેમીમાં પ્રવેશ માટે 'હાઈટ હન્ટ'નું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ખાતેની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત ડીએલએસએસ અને વોલીબોલ એકેડેમીમાં યુવક-યુવતીઓના પ્રવેશ માટે 'હાઈટ હન્ટ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત નિયત વય મર્યાદા ધરાવતા ઉમેદવારોએ આગામી તા. ૧૪મી જુલાઈના રોજ સવારે ૯ કલાકે ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે બ્લીસ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે હાજર રહેવા એસએજીની અખબારી યાદીમાં જણાવાયું છે. હાઈટ હન્ટ માટે વય મર્યાદા અનુસાર ઉંચાઈની મર્યાદા નિયત કરાઈ છે તે અનુસાર મહિલા અને પુરૂષ ઉમેદવારોની અનુક્રમે ૧૨ વર્ષની વય માટે ૧૬૩ સેમીથી વધુ અને ૧૬૮ સેમીથી વધુ, ૧૩ વર્ષ માટે ૧૬૬થી વધુ અને ૧૭૩ થી વધુ, ૧૪ વર્ષની વય માટે ૧૭૧ સેમીથી વધુ અને ૧૭૯ સેમીથી વધુ, ૧૫ વર્ષ માટે ૧૭૩ સેમીથી વધુ અને ૧૮૪ સેમીથી વધુ, ૧૬ વર્ષની વય માટે ૧૭૫ સેમીથી વધુ અને ૧૮૭ સેમીથી વધુ, ૧૭ વર્ષની વય માટે ૧૭૭ સેમીથી વધુ અને ૧૯૦ સેમીથી વધુ તેમજ ૧૮ વર્ષની વય માટે ૧૮૭ સેમીથી વધુ અને ૧૯૨ સેમીથી વધુનો સમાવેશ થાય છે.



મનોકામના પૂર્ણ કરવા માટે બાળાઓ દ્વારા કરવામાં આવતા જયા પાર્વતી વ્રતનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જયા પાર્વતી વ્રતની પૂજા પંચદેવ મંદિર સહિતના વિવિધ મંદિરોમાં કરાવવામાં આવે છે. વહેલી સવારે બાળાઓ સુંદર મજાનો સાજ-શણગાર કરીને મંદિરોમાં પહોંચી જાય છે અને ખૂબ જ ભાવપૂર્વક પૂજા-અર્ચના કરે છે. બાળાઓની અવરજવરના કારણે મંદિરોમાં ઉલ્લાસભર્યો માહોલ જોવા મળી રહ્યો છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાતના સપનાને સાકાર કરવા નવા વરાયેલા પંચાયતી રાજ સમિતિના હોદ્દેદારોનો સંકલ્પ

## આગામી સમયમાં ગુજરાતના ગામડે ગામડે હોદ્દેદારો ની વરણી કરી લોકોના પ્રશ્નો સાંભળશે

ગાંધીનગર, તા. ૧૧

પંચાયતી રાજ અભિયાન સમિતિની સોમવારે ગાંધીનગર ખાતે બેઠક મળી હતી જેમાં સમિતિના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી જેમાં ગુજરાત નાં પ્રમુખ તરીકે હેમરાજભાઈ પાડલીયા સહિત મહામંત્રી ચાર ઝોનના ઉપપ્રમુખ અને મંત્રીની વર્ણી કરાઈ છે પંચાયતી રાજ સમિતિના પ્રણેતા રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બળવંતરાય મહેતા હતા બિન રાજકીય એવા આસંગઠન દ્વારા વડાપ્રધાન મોદીના ગુજરાતના સપનાને સાકાર કરવા પંચાયતી રાજ સમિતિના નવા વરાયેલા હોદ્દેદારો એ સંકલ્પ કર્યો છે આગામી સમયમાં રાજ્યના ગામડે ગામડે હોદ્દેદારો નિમવામાં આવશે અને છેવાડાના લોકો સુધી મળતાં લાભો પોહચાડવામા આવશે



ભારત દેશ આઝાદ થયો અને ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે પ્રથમ મુખ્યમંત્રી બળવંતરાય મહેતા હતા બળવંતરાય મહેતાને પંચાયતી રાજના પ્રણેતા માનવામાં આવે છે ત્યારે રાજ્યની પંચાયતી રાજ સમિતિ તેમના નામથી ઓળખાય છે આ ઉપરાંત તેમના નામે રાજ્યનું વિધાનસભા ભવન પણ બનાવાયું છે ત્યારે રાજ્યના ૩૩ જિલ્લાના ૧૮૦૦૦ થી વધુ ગામડાઓમાં પંચાયતી રાજ સમિતિ મજબૂત બને તેવા આસયથી સોમવારે ગાંધીનગર ખાતે ૩૩ જિલ્લાના આગેવાનોની બેઠક બોલાવી હતી જેમાં પંચાયતી રાજ અભિયાન સમિતિના ગુજરાતના પ્રમુખ તરીકે હેમરાજભાઈ પાડલીયા ની વરણી કરવામાં આવી છે આ ઉપરાંત મહામંત્રી ચાર ઝોનના ના ઉપપ્રમુખ અને મહામંત્રી ની પણ વરણી કરાય છે આ તકે હેમરાજભાઈએ જણાવ્યું હતું કે રાજ્યના ગામડે ગામડે પંચાયતી રાજ અભિયાનને પહોંચાડી ગામડે ગામડે હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવનાર છે આ ઉપરાંત તાલુકા અને જિલ્લા કક્ષાએ પણ હોદ્દેદારોની વરણી કરવામાં આવનાર છે જેમાં લોકોના પ્રશ્નો સાંભળી તેના નિકાલ કરવામાં આવશે છેવાડાના લોકોને પણ સુવિધા મળે તેવા વડાપ્રધાન મોદીના ગુજરાતના સપનાને સાકાર કરવા અમો કટિબંધ છીએ આ બેઠકમાં પંચાયતી રાજ સમિતિના રાષ્ટ્રીય મહામંત્રી એસ એસ મિશ્રા કોષાધ્યક્ષ જયંતીભાઈ પટેલ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા

# પલોડીયા ઠાકોરવાસમાંથી જુગાર રમતા ૯ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

કલોલના પલોડીયા ગામના ઠાકોરવાસમાં આવેલા મકાનમાં ધમધમતા જુગારધામ પર એલસીબી-૧ પોલીસે રેડ પાડી જુગાર રમતા મકાન માલિક સહિત ૯ શકુનીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૪૭,૩૯૦ તેમજ મોબાઈલ નંગ-૭ કિં.રૂ.૧૨,૫૦૦ મળી કુલ રૂ.૫૯,૮૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ. પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન સાથે રહેલા કોન્સ્ટેબલ વિક્રમભાઈ તેમજ અનોપસિંહને બાતમી મળી હતી કે પલોડીયા ગામમાં ઠાકોરવાસમાં રહેતા ગાભાજી પોપટજી ઠાકોરના ઘરે જુગારની રેડ પાડી જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગાર રમી રહેલા ગાભાજી પોપટજી ઠાકોર, રાહુલજી રૂમાલજી ઠાકોર, નંદુભાઈ જીવણભાઈ પટેલ, શૈલેશજી



મહોતજી ઠાકોર, (તમામ ઠાકોરવાસ પલોડીયા ગામ કલોલ), રાજેશ જીવણજી વાળંદ (રહે. વાળંદ વાસ ગામ-રકનપુર તા.કલોલ), રમેશજી ભીખાજી ઠાકોર (રહે, ઘુમા ગામ નાનો વાસ),ભરતજી પ્રહલાદજી ઠાકોર (રહે, મોટો વાસ ગામ-થોળ તા.કડી), મુકેશજી બચુજી ઠાકોર (રહે.ઠાકોરવાસ ગામ પલોડીયા), હસમુખ જીવણભાઈ પટેલ (રહે, ઠાકોર ગામ પલોડીયા તા.કલોલ)ને પકડી પાડ્યા હતા. પોલીસે રોકડ, મોબાઈલ મળી કુલ રૂ.૫૯,૮૯૦ નો મુદ્દામાલ પકડી તમામ સામે જુગારધારા હેઠળ સાંતેજમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખયની છે કે આ જુગારધામનો મુખ્ય સુત્રધાર ગાભાજી પોપટજી ઠાકોર છે. જે પોતાના મકાનમાં જુગારીઓને એકઠા કરી જુગારધામ ચલાવતો હતો.

# દહેગામના સોલંકીપુરા પાસે તોતિંગ વૃક્ષ રીક્ષા પર પડતા ૩ ના મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સોલંકીપુરા પાટીયા પાસે પસાર થઈ રહેલી રીક્ષા પર તોંતિગ પીપળાનું વૃક્ષ પડતા એક યુવતિ સહિત ત્રણ વ્યકિતના મૃત્યુ થયા છે. જયારે રીક્ષામાં સવાર અન્ય મુસાફરોને સારવાર માટે ખસેડાયા હતા. જયારે પીંપળાનું ઝાડ પડતા રીક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.બનાવની જાણ થતા પોલીસના જવાનો દોડી આવ્યા હતા.જયારે અકસ્માતને પગલે ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા. જયારે તાત્કાલીક અસરથી માર્ગ પર નડતર રૂપ ઝાડને દુર કરવામાં આવ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રીક્ષા નં.જી.જે.૧૮.એ.વાય-૮૩૪૨ મુસાફરો ભરીને ગાંધીનગર તરફ જઈ રહી હતી. તે સમયે અચાનક વિશાળકાય પીંપળાનું ઝાડ ધરાશાયી થઈ ગયુ હતું. આ પીંપળાનુ ઝાડ પસાર થઈ રહેલી રીક્ષા પર પડતા જ મુસાફરોની ચીસોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઝાડ પડતા રીક્ષામાં સવાર ત્રણ મુસાફરોના મૃત્યુ નિપજયા હતા.જયારે અન્ય ત્રણ ઘાયલોને સારવાર માટે લઈ જવાયા હતા. ઘટનાને પગલે સ્થાનિક નાગરીકો દોડી આવી બચાવ કામગીરી હાથ ધરી હતી.જયારે એક સાથે ત્રણ વ્યકિતના મૃત્યુને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. વિશાળકાય ઝાડ પડતા રીક્ષાનો ભુક્કો બોલાઈ ગયો હતો. જયારે મગોડી ગામના દેવીપુજક હીનાબેન (ઉં.૧૮) તેમજ બારોટ ડાહ્યાભાઈ ભલાભાઈ (ઉં.૬૮) અને દેવીપુજક વિપુલ રાજેશભાઈ (રહે વાઘપુર પ્રાંતિજ) નું મૃત્યું થયુ હતું. જયારે મગોડી અને વાઘપુર ગામે સમાચાર મળતા જ ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું. જયારે ઝાડ પડતા માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.જયારે ઝાડને કટરથી કાપી તાત્કાલીક રોડ ખુલ્લો કરાયો હતો. જયારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચંદ્રાલા પાસે ગાડી પલ્ટી ખાઈ જતા બે યુવકના મૃત્યુ : એક ઘાયલ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ચંદ્રાલા નજીક સવારના સમયે ગાડી પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી અચાનક ગાડી પરનો કાબુ ગુમાવતા ગાડી પલ્ટી ખાઈ જતા ગાડીમાં સવાર ત્રણ વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં બે યુવકોનો મૃત્યું નિપજયા હતા.જયારે ઈજાગ્રસ્ત યુવતિને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ઘી કાંટા રહેતા રૂપેશભાઈ નરસિંગજી પવાર પરિવાર સાથે રહે છે અને ઘી કાંટા વિસ્તારમાં એચ.કે.કુમાર ગારમેન્ટની દુકાનમાં નોકરી કરે છે. જયારે રૂપેશભાઈને સંતાનમાં દિકરો સ્વરૂપ અને દિકરી ટવીંકલ છે. તા.૧૧ ના રોજ વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના સુમારે ફોન આવ્યો હતો. જેમાં ફોન પર વાત કરતા ફોન કરનાર વ્યકિતએ છાલા સરકારી દવાખાનાથી બોલીએ છીએ સ્વરૂપ તમારે શું થાય? તેમ કહેતા રૂપેશભાઈએ દિકરો થતો હોવાનું કહ્યું હતું.જેથી ફોન કરનાર વ્યકિતએ ચંદ્રાલા ઉમા સંસ્કાર શિક્ષણ સંકુલ પાસે ગાડીમાં અકસ્માત થતા ૧૦૮ દ્વારા સારવાર માટે લાવ્યા છીએ. જેથી તાત્કાલીક રૂપેશભાઈ મિત્રો અને પરિવારજનો સાથે છાલા સરકારી દવાખાને દોડી આવ્યા હતા.જયાં તેઓને ડોકટરે તેઓનો દિકરાનું મૃત્યુ થયું હોવાનું જણાવ્યું હતું. જયારે ગાડીમાં સવાર અન્ય વ્યકિતને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયારે ફરીયાદીની સાથે આવેલા મિત્રોએ બનાવ સ્થળ પર તપાસ કરીને દવાખાને આવીને ફરીયાદીને જણાવ્યું કે તેમનો દિકરો સ્વરુપ તેમજ તેનો મિત્ર પ્રદિપ રમેશભાઈ ચૌહાણ (રહે ઘી કાંટા અમદાવાદ), નિશાબેન નિમેશભાઈ પંચાલ ત્રણેય જણા ગાડી નં. જી.જે. ૨૭.ડી. એચ.-૫૨૦૮ માં દેશી દારૂ ભરી હિંમતનગરથી મોટા ચિલોડા તરફ જતા હાઈ વે પરથી પસાર થતા હતા. તે સમયે વહેલી સવારના પાંચ વાગ્યાના પહેલા કોઈપણ સમયે ચંદ્રાલા ગામ નજીક ઉમા શિક્ષણ સંકુલ નજીક ચાલક પ્રદિપ ચૌહાણે કોઈ કારણોસર ગાડી પરનો કાબુ ગુમાવતા ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી. જેથી ત્રણેયને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં ફરીયાદીના દિકરા સ્વરૂપને છાલા સરકારી દવાખાને સારવાર માટે લાવતા ડોકટરે તપાસ કરી મરણ જાહેર કર્યો હતો. જયારે ગાડીના ચાલક પ્રદિપ ચૌહાણને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાતા ડોકટર દ્વારા તપાસીને મરણ જાહેર કરેલ.તે ઉપરાતં નિશાબેનને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કર્યા હતા.જયારે બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ૧૬મીએ માણસા તાલુકા પંચાયતની સામાન્ય સભા મળશે.

● જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં આજે ન્યુટ્રીશ્યન ટાસ્ક ફોર્સની બેઠક મળશે.

● નેશનલ હેલ્થ મિશનની ત્રિમાસિક સમીક્ષા માટે આજે જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં બેઠક યોજાશે.

● ગાંધીનગરના પ્રવાસે ૧૫મીએ પ્રધાનમંત્રી આવી રહ્યા હોવાથી તંત્ર દ્વારા તેની તૈયારીઓ હાથ ધરાઈ.

● જિલ્લામાં ચોમાસુ ઋતુમાં વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રહે તે માટે આજે સુપરવાઈઝર સંવર્ગના કર્મચારીઓની એક મહત્વની બેઠક યોજાઈ હતી. જિલ્લામાં મેલેરિયા અને ચિકનગુનિયાના કેસોએ દેખા દીધી હોવાથી સૌને સતર્ક રહેવા જણાવાયુ હતુ.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ફર્નિચરનો કાટમાળ નીચે અસ્તવ્યસ્ત પડ્યો હોવાથી ગંદકીનું સામ્રાજ્ય વધ્યુ છે અને પાણી ભરાઈ જવાથી વાહકજન્ય રોગચાળાનું એ.પી. સેન્ટર જ પંચાયત સંકુલ બનશે તેવી ચર્ચા કર્મચારીઓમાં ધીમા સ્વરે શરૂ થઈ છે.

● વસ્તી નિયંત્રણ કાનૂન અમલી બનાવવા માટે આજે જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશન દ્વારા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.

● દહેગામ તા. પંચાયત દ્વારા ૨૦થી વધુ તલાટીઓને નબળી વેરા વસુલાત માટે નોટીસ અપાઈ છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે તેમની સાપ્તાહિકી સમીક્ષા બેઠક શાખાધિકારીઓ સાથે યોજી હતી.

● જેઈઈની મેઈન્સ પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયુ છે.

## જિલ્લામાં અનુસૂચિત જાતિના યુવાનો માટે યોગ સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ખાતેની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા એક તાલુકા મથક ખાતે ૭ દિવસના યોગ સેમિનારનું આયોજન વિનામૂલ્યે હાથ ધરવામાં આવનાર છે. યોગમાં રસ ધરાવતા અનુસૂચિત જાતિના ઉમેદવારોએ જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતેથી કચેરી સમય દરમિયાન યોગ સેમિનાર માટેના પ્રવેશપત્ર મેળવીને તેમાં સંપૂર્ણ વિગતો ભરીને આગામી તા. ૧૮મી જુલાઈ સુધીમાં કચેરીના સરનામે રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી આપવાના રહેશે તેમજ પસંદ થયેલ ઉમેદવારોને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા યોગ સેમિનાર અંગેની જાણ કરવામાં આવશે તેવુ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સેકટર-૨૧ લાયબ્રેરી પાસેથી ચોરીના બાઈક સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

શહેરની સેકટર-૨૧ લાયબ્રેરી પાસેથી ચોરીના બાઈક સાથે એલસીબી-૧ પોલીસે એક શખ્સને પકડી પાડ્યો છે. જયારે આ શખ્સે વધુ એક ચોરીનું બાઈક સેકટર-૩૦ સ્મશાન પાસે બિનવારસી મુકી દીધુ હતું. એલસીબી પોલીસે ચોરીના બે બાઈક કિં.રૂ.૪૦ હજાર રીકવર કરી વાહનચોરીના બે ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે ચ-૬ સર્કલ નજીક આવતા કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ફુલુભા અને કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ હરીસિંહ સંયુકત રીતે ખાનગી રાહે બાતમી મળી હતી કે ગાંધીનગર જીઈબી છાપરા ખાતે રહેતા સુભાષ બાબુભાઈ કલારા ગાંધીનગર શહેરમાં મોટર સાયકલનો ચોરી કરે છે. હાલ તે ચોરીનું નંબર વિનાનું સ્પ્લેન્ડર બાઈક લઈ સેકટર-૨૧ મહારાષ્ટ્ર ભવન નજીક થી લાયબ્રેરી તરફ જવના રોડની સાઈડમાં ઉભો છે. જેથી એલસીબી ટીમે બાતમીવાળી જગ્યા પરથી સુભાષ બાબુભાઈ કલારા (રહે. જીઈબી છાપરા, મુળ રહે.ખાતરપુરના મુવાડા તા.ફતેપુરા, જી-દાહોદ) ને પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સને બાઈક અંગે પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપી શકયો ન હતો. જેથી પોલીસને બાઈક ચોરી કે છળકપટથી મેળવેલ હોવાનો શક-વહેમ હોવાથી ઉંડાણપૂર્વક પુછતાછ કરી હતી. તેને આજથી આશરે ત્રણેક માસ ઉપર રાત્રીના સમયે આઠ વાગ્યાના સુમારે ઘ-૫ ખાણી-પીણી બજાર ખાતે ગયો હતો. ખાણીપીણીના પાર્કિંગમાંથી એક સ્પ્લેન્ડર બાઈક ચોરી કર્યું હતું. ચાર



પાંચ દિવસ બાઈક ફેરવી બાઈક બંધ થઈ જતા સેકટર-૩૦ સ્મશાન નજીક આવેલ ઝાડીમાં મુકી દીધુ હતું. ત્યારબાદ બે દિવસ પછી તેને આશરે નવ વાગ્યાના અરસામાં પથિકાશ્રમ બસ સ્ટેન્ડ ખાતે ગયો હતો અને બસ

**એલસીબી-૧ પોલીસે આરોપીને પકડી પાડી બે બાઈક ચોરીના ભેદ ઉકેલાયા**

સ્ટેશનના પાર્કિંગમાંથી સ્પ્લેન્ડર બાઈકની ચોરી કરી હતી. જે ઉપરોકત બાઈક હોવાનું જણાવ્યું હતું. જયારે શખ્સે પહેલા ચોરી કરેલુ બાઈક સેકટર-૩૦ સ્મસાન નજીક ઝાડીમાં મુકેલુ હોવાથી એલસીબી પોલીસે તે બાઈક નં. જી. જે. ૧૮. સી. એન. ૪૧૧૨ કબ્જે કર્યુ હતું. પોલીસે પોકેટકોપથી રેકર્ડ અંગે તપાસ કરતા સેકટર-૨૧ અને સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. જયારે પોલીસે એક બાઈકની કિં.૨૦ હજાર લેખે કુલ-૨ બાઈક પોલીસે કબ્જે કરી આરોપી સામે કાયદેસરની કાર્યાવહી હાથ ધરી છે.

# બાવન ગામ વણકર સમાજ દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તક અને રોકડ પુરસ્કારથી સન્માનિત કર્યા




ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સ્થિત બાવન ગામ વણકર સમાજ મંડળ દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તક વિતરણ અને રોકડ પુરસ્કારથી સન્માન સમારોહ ડૉ. બાબાસાહાબે આંબેડકરને દીપ પ્રાગટ્ય અને ફૂલહાર કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. મંડળ તરફથી તમામ વિદ્યાર્થીઓને ચોપડા, કંપાસ તથા તેજસ્વી તારલાને રોકડ પુરસ્કારથી સન્માનિત કર્યા. પોલીસખાતામાં ફરજ બજાવતા કીરીટભાઈ સોલંકીને રાષ્ટ્રપતિ ચંન્દ્રક એનાયત થયેલ તેમનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. અતિથિપદે વિશેષ મહેમાનનોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત ઉદ્બોધન સંસ્થાના મેનેજીગ ટ્રસ્ટી દિનકરભાઈ એમ. પરમાર દ્વારા કરવામાં આવ્યું. સંસ્થાના પ્રમુખ અર્જુનભાઈ સોલંકી, મંત્રી લક્ષ્મણભાઈ પરમાર તથા હોદ્દેદારોએ ચોપડા વિતરણ, રોકડ પુરસ્કાર તથા તેમનું સન્માન કરવામાં આવ્યું. ચોપડાના દાતા રાજુભાઈ મોઢેરા, રોકડ પુરસ્કારના દાતા અંજનાબેન જાદવ તથા કંપાસના દાતા અર્જુનભાઈ સોલંકી, મયુરભાઈ મહેતાએ સંસ્થાને સહાય માટે ૬ હજાર રૂપિયા ફાળો આપ્યો. આ કાર્યક્રમ નિસર્ગ સાયન્સ કોમ્યુનિટી સેન્ટર, સે. ૨૩, ગાંધીનગર ખાતે યોજાયો હતો. તેમનો સહયોગ મળતાં આભાર વ્યક્ત કરી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.